૭. ફરીયાદ પક્ષના કેસની હકીકતો ધ્યાને લીધી. તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુધ્ધ ઉપરોકત ગુના અંગેનું ચાર્જશીટ કરેલ છે.

૮. ત્યારબાદ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા પોલીસ તપાસના કાગળો વિના મૂલ્યે પૂરા પાડવામાં આવેલ અને તેઓની પ્લી આંક–૫ થી નોંધતા, તેઓએ સ્વૈચ્છિક રીતે અને રાજીખુશીથી ગુનાની કબુલાત કરેલ છે. આ અંગે આંક–૪ થી કબુલાત પુરશીશ પણ રજૂ કરેલ છે અને તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પૂરતા અને વ્યાજબી કારણો હોવાનું જણાવે છે. આરોપીને જણાવતા કે તમો ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ છતાં પણ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતા હોઈ કબુલાત પુરશીશ પણ રજૂ કરે છે.

૯. આરોપી સામે બોમ્બે પ્રોહીબીશન એકટ,૧૯૪૯ ની કલમ ૬૬(૧)બી,૮૫(૧)(૩) મુજબનું તહોમત છે. આરોપીની મૌખિક રજૂઆત તેમજ કબુલાત પુરશીશ વંચાણે લેતાં આરોપી નાની ઉંમરના ગરીબ અને મધ્યમ વર્ગના માણસ જણાય છે. તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. બાળ બચ્ચા વાળા માણસ છે તેમજ ગરીબીને લીધે બચાવ કરવા સક્ષમ નથી તેમજ ગુનો કર્યાનો અફસોસ વ્યકત કરે છે. તેઓ જણાવે છે કે તેઓ સામે આ પ્રથમ ગુનો છે તેમજ ભવિષ્યમાં બીજો ગુનો નહીં કરવાની ખાત્રી આપે છે. આમ, આરોપીએ તેઓને ઓછી સજા અને દંડ કરવા અરજ કરેલ છે. આરોપી સામે આક્ષેપાયેલ ગુનો તેમજ તેઓની રજૂઆત ધ્યાને લેતાં, તેઓને ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયોચિત જણાય છે.

૧૦. ના.ગુજરાતની વડી અદાલતે ગુજરાત સરકાર વિરુધ્ધ નટવર હીરાચંદ્રજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯ ના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે જો પૂરતા અને વાજબી કારણો હોય તો કેસની હકીકતોને ધ્યાને લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા તેમજ દંડ કરવાની સત્તા છે.સદરહુ ચૂકાદાના ફકરા–૨૧ માં જણાવેલ કારણો ધ્યાને લેતાં ઉપરોકત ચૂકાદો આરોપીના કેસને મદદરુપ થતો હોય તેમ જણાય છે. આથી, આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈને તેમજ કાયદાની કલમ ....... માં જણાવેલ સજાની જોગવાઈઓ ધ્યાને લઈને અત્રેની અદાલતને આરોપીને ન્યૂનતમ સજા કરવી યોગ્ય અને ન્યાયોચિત જણાય છે. આથી આરોપીને તેમજ વિ.એ.પીપી.શ્રીને સજા અંગે સાંભળ્યા બાદ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## હુ ક મ

આ કામના આરોપી દીલીપભાઈ મોહનભાઈ રાવળને ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ ૨૫૨ અન્વયે બોમ્બે પ્રોહીબીશન એકટ ૧૯૪૯ની કલમ ૬૬(૧)બી,૮૫(૧)(૩) મુજબના ગુનામાં તકશીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ રુ.૧૦૦ /– (કુલ રુપિયા સો પુરા)નો દંડ કરવામાં આવે છે.

જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો દરેક ગુનાના દંડ બદલ દિન–૩ લેખે સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં

આરોપીઓના જાત મુચરકા અને જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ અનુસાર નિકાલ કરવો.

હુકમ આજ તા.૨૨ માહે એપ્રિલ સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨–૦૪–૧૮
અમદાવાદ(ગ્રામ્ય)

( જે. એલ. પરમાર)
UIC ૦૦૧૪૪૧
૧૦ મા એડી.જયુ.મેજી.ફ.ક.
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર